રિપોર્ટ - ઇન્ડિયા યુથ કેમ્પ ૨૦૨૫

ધ વર્લ્ડ ફેડરેશન ઓફ KSIMC એ ઈન્ડિયા ફેડરેશનના સહયોગથી ૨૦ થી ૨૮ ડિસેમ્બર ૨૦૨૫ દરમિયાન ખંડાલાના સેઠ મોલુભોય ખોજા સેનેટોરિયમમાં ૧૧મી વાર્ષિક યુથ કેમ્પ ગૌરવપૂર્વક આયોજન કર્યું હતું.

વર્ષોથી આ કેમ્પ યુવાઓના જીવનને કૌશલ્યોથી સજ્જ બનાવવામાં અને સહાયક તથા ઉત્સાહભર્યા વાતાવરણમાં તેમના રૂહાની વિકાસને પણ પ્રોત્સાહન આપ્યું છે. તેની સતત સફળતા એથી સ્પષ્ટ થાય છે કે કોમના યુવાનો દર વર્ષે ઉત્સાહથી તેની રાહ જુએ છે.

આ વર્ષે કેમ્પમાં ઇન્ડિયાના ૬ મુખ્ય શહેરો; મુંબઇ, પુણે, સાંગલી, વડોદરા, ભાવનગર અને અમદાવાદ થી કુલ ૬૩ સહભાગીઓએ ભાગ લીધો હતો. તેમાં છોકરાઓની ઉંમર ૧૨ થી ૧૬ વર્ષ અને છોકરીઓની ઉંમર ૧૦ થી ૧૪ વર્ષ વચ્ચે હતી.

કેમ્પના આગેવાનો

છોકરીઓનું કેમ્પ (૨૦-૨૪ ડિસેમ્બર):
ઝયનબબેન વિરાણી અને ઝહરાબેન મર્ચન્ટ

છોકરાઓનું કેમ્પ (૨૪-૨૮ ડિસેમ્બર):
અસદભાઈ વિરાણી, સજ્જાદભાઈ કરીમ અને અલી અબ્બાસભાઈ મર્ચન્ટ



કેમ્પને ૫ સંચાલકો, ૨ આલીમ અને ૧૮ મેન્ટોર્સની ટીમ દ્વારા સમર્થન આપવામાં આવ્યું હતું. સાથે મળીને, તેઓએ આકર્ષક અને વય-યોગ્ય શિક્ષણ સત્રો બનાવ્યાં, જે આજના યુવાનો દ્વારા સામનો કરવામાં આવતી વાસ્તવિક-જીવનની પરિસ્થિતિઓ અને પડકારોને સંબોધવા માટે મદદ કરશે.

સહભાગીઓ

આલીમ
મેન્ટોર્સ
સંચાલકો



દૈનિક કાર્યક્રમ અને પ્રવૃત્તિઓ:

દરેક દિવસ ફજરની નમાઝ જમાત સાથે શરૂ થતો અને મેન્ટર-મેન્ટી વચ્ચેની અર્થપૂર્ણ ચર્ચા સાથે પૂર્ણ થતો. સારી રીતે તૈયાર કરાયેલા સમયપત્રકે રૂહાની વિકાસ, અભ્યાસ અને મનોરંજન વચ્ચે રસપ્રદ સંતુલન હતું.

સહભાગીઓ દરરોજ ઇન્ટરએક્ટિવ સત્રોમાં ભાગ લીધો, જેમાં કુરઆન, વિષય આધારિત વર્કશોપ્સ અને રમતોનો સમાવેશ હતો. આ બધું અભ્યાસ અને આનંદ વચ્ચે સારું સંતુલન રહે તે માટે આયોજન કરવામાં આવ્યું હતું.

બધા સત્રો ટીમ વર્ક પર આધારિત હતા અને તેમાંની પ્રવૃત્તિઓ શીખવાતા વિષયો સાથે જોડાયેલી હતી. ખાસ પ્રવૃત્તિઓમાં **"Know Your Infallibles"** દ્વારા ચાર અઇમ્માહ (અ.સ.)ના જીવન પર પ્રકાશ પાડવામાં આવ્યો, અને **"Learning Surah Names"** પ્રવૃત્તિમાં સહભાગીઓને મજેદાર રીતે કુરઆનની તમામ ૧૧૪ સૂરાઓના નામ યાદ કરાવવામાં આવ્યા.

ઇન્ટરેક્ટિવ સત્રોના વિષયો:

GIRLS

1. RISALATUL HUQUQ - THE TREATISE ON RIGHTS
2. LIFE LESSONS FROM NAHJUL BALAGHA
3. RESPONSIBILITY TOWARDS THE IMAM OF OUR TIME
4. THE TWO FACES OF SOCIAL MEDIA
5. BULOOGH SESSIONS WITH CAMP AALIMA
6. FIRST AID ESSESNTIALS: SKILLS FOR EVERY SITUATION
7. INTRODUCING READING AS A HABIT
8. FUN SCIENCE EXPERIMENTS
9. THE STORY OF US - KHOJA HISTORY

BOYS

1. COPING WITH STRESS WHILE WORKING HARD
2. YOUTH & ANGER: AN ISLAMIC APPROACH TO CONTROL AND MANAGEMENT
3. TIME MANAGEMENT IN ISLAM. A KEY TO SUCCESS IN LIFE AND AKHIRAH
4. ISLAM AND JUSTICE/BALANCE
5. FOMO: ISLAMIC SOLUTIONS TO PEER PRESSURE AND FEAR OF MISSING OUT
6. MUSIC
7. DIGITAL DISCIPLINE: USING TECHNOLOGY THE ISLAMIC WAY
8. PARENTS AND RESPECT
9. SMART SHIA BOYS: HOW TO WIN IN LIFE WITHOUT LOOSING YOURSELF

છોકરીઓ

૧. રિસાલતુલ હુકુક

૨. નહજુલ બલાગાહથી જીવન પાઠ

૩. આપણા સમયના ઇમામ પ્રત્યેની જવાબદારીઓ

૪. સોશિયલ મીડિયાના બે ચહેરા

૫. કેમ્પ આલીમા સાથે બુલુગ સત્ર

૬. ફર્સ્ટ એડ : દરેક પરિસ્થિતિ માટે તૈયાર

૭. વાંચનની આદત

૮. મનોરંજક વિજ્ઞાન પ્રયોગો

૯. આપણી વાર્તા - ખોજા તવારીખ

છોકરાઓ

૧. સખત મહેનત દરમિયાન તણાવનો સામનો

૨. યુવાની અને ગુસ્સો: નિયંત્રણ અને વ્યવસ્થાપન માટે એક ઇસ્લામિક અભિગમ

૩. ઇસ્લામમાં સમય વ્યવસ્થાપન: જીવન અને આખિરાહમાં સફળતાની ચાવી

૪. ઇસ્લામ અને ન્યાય/સંતુલન

૫. FOMO - મિત્રોના દબાણ અને ચૂકી જવાના ડર માટે ઇસ્લામિક ઉકેલો

૬. સંગીત

૭. ડિજિટલ શિસ્ત: ઇસ્લામિક રીતે ટેકનોલોજીનો ઉપયોગ

૮. વડીલો અને આદર

૯. સ્માર્ટ શિયા છોકરાઓ: પોતાને હાર્યા વિના જીવનમાં કેવી રીતે જીતવું

રૂહાની ઉત્થાન

કેમ્પ દરમિયાન સહભાગીઓ સાથે મેન્ટરો રહ્યા, જેમણે તેમની રૂહાની, શારીરિક અને માનસિક વૃદ્ધિ વચ્ચે સારું સંતુલન રહે તેની ખાતરી કરી. નમાઝ પહેલાં અને પછી ટૂંકા વિચાર-વિમર્શ સત્રો યોજાયા, જેમાં ઇસ્લામને વધુ સ્પષ્ટ રીતે સમજવાની અને સહભાગીઓને પ્રશ્ન પૂછવાની તક આપવામાં આવી.

સહભાગીઓએ દુઆ અલ-કુમૈલ, દુઆ અલ-અહદ અને ઝિયારત આશૂરાની તિલાવતમાં ભાગ લીધો, જેના કારણે રૂહાની વાતાવરણ વધુ પ્રેરક બન્યું અને તેમના ઈમાનને મજબૂતી મળી.

મનોરંજન અને બંધન

ડિસેમ્બરમા ખંડાલાની ઠંડી સાંજે બોનફાયર સત્રો યોજાયા, જેમાં કેમ્પર્સે રમતો રમી અને મેન્ટરો પાસેથી ટૂંકી નસીહતો સાંભળી. આ સત્રોએ સરળ અને શાંતિપૂર્ણ વાતાવરણમાં જીવનના સારા પાઠોને મજબૂત બનાવ્યા.

સાંજે રમતો અને નાસ્તાનો સમય રાખવામાં આવ્યો હતો. તેમાં ફૂટબોલ, ક્રિકેટ, ઇસ્લામિક રમતો, ક્વિઝ, સ્નેક્સ એન્ડ લેડર્સ અને બીજી મજાની રમતો રમાઈ. હંમેશાની જેમ ટ્રેઝર હન્ટ સૌથી ખાસ અને બધાની મનપસંદ રમત રહી. આ બધાથી બાળકોમાં સાથે મળીને કામ કરવાની ભાવના, એકબીજા પ્રત્યે માન અને સારી મિત્રતા વિકસે તેવો હેતુ હતો.

Salam
This was the most memorable event of this year for both my girls.
Alhamdolillah it was amazing.

A very heartfelt JAZAKALLAH to all the mentors, teachers, helpers for giving out their valuable time and teaching our children to love, share, help, care, enjoy and most important keeping sportsmanship spirit alive.

Guiding children with so much love helping them resolve mistakes
Teaching them the importance of so many wajibaats and correcting their mistakes in namaz, wuzu, Quran with so much warmth.

Big salute to the team

May Allah swt reward you all immensely, aameen

Salaam!
This was my daughter's second year in the camp, and Alhamdulillah, we're super happy with it. She had a blast, learned a lot, and made some great friends. Big shout-out to all the mentors for their awesome bonding and care.

It's the only time she's away from family, but we felt totally at ease because of how well the camp handled everything — safety, comfort, that sisterhood vibe... it really felt like a family away from home.

Thanks a ton to everyone who made this camp happen!

Salams

The best thing and highlight of the camp is that it's organised by our community members for children of our community keeping in mind all aspects.

Learning about deen + dunya + fun + bonding + growth!

Lots of duas.

Salaam,
A huge thank you to everyone involved in this initiative, and especially to the World Federation! We were so happy to see the amazing work done to keep the children engaged and spiritually connected.

From the Wudhu/Salah assessments, introducing kids to reading religious books and daily Quran recitation, to the fun sports sessions and the inspiring lectures on sharing and Our Responsibility towards the Imam (atfs) of our time — everything was perfectly planned.

It was heartwarming to see them serving food, praying Jamaat, and even performing Namaz-e-Shab. Kudos to you all for making this a memorable journey for our kids.
May Allah (swt) reward you abundantly and grant you happiness in the sadqa of the Masoomeen (as). Ameen.

પ્રતિસાદ અને અસર:

અલહમદુલિલ્લાહ, કેમ્પને સહભાગીઓ અને માતા-પિતા બંને તરફથી ખૂબ સારો પ્રતિસાદ મળ્યો. ઘણા લોકોએ ભાવિ કેમ્પમાં પણ રસ દર્શાવ્યો. આ કેમ્પે યુવાનોના શારીરિક, માનસિક અને રૂહાની વિકાસમાં સારું સંતુલન લાવી તેમની ઓળખ અને જોડાણની ભાવનાને વધુ મજબૂત બનાવી.

માતા પિતા તરફથી મળેલા કેટલાક પ્રતિસાદ:

સલામ
મારી બંને છોકરીઓ માટે આ વર્ષની સૌથી યાદગાર ઘટના હતી
અલહમદુલિલ્લાહ, તે અદ્ભુત હતું
બધા મેન્ટોર્સને ખૂબ જ હૃદયપૂર્વ જઝાકલ્લાહ. તેઓનો કિંમતી સમય આપવા માટે અને અમારા બાળકોને પ્રેમ, મદદ, શરીંગ શીખવવામાં મદદ કરી અને સૌથી મહત્વપૂર્ણ રમતગમતની ભાવનાને જીવંત રાખવામાં બાળકોને ખૂબ પ્રેમથી ભૂલો ઉકેલવામાં મદદ કરી.
તેમને ઘણી બધી વજીબાતોનું મહત્વ શીખવવું અને નમાઝ વુઝુ કુરઆનમાં તેમની ભૂલોને ખૂબ જ હૂંફ સાથે

સુધારવી
ટીમને ભારે સલામ
અલ્લાહ તમને બધાને બદલો આપે, આમીન

સલામ, આ પહેલમાં સામેલ દરેકનો અને ખાસ કરીને ધ વર્લ્ડ ફેડરેશનનો ખૂબ ખૂબ આભાર! બાળકોને વ્યસ્ત રાખવા અને ડીન સાથે જોડાયેલા રાખવા માટે અદ્ભુત કાર્ય જોઈને અમને ખૂબ આનંદ થયો.
વુઝુ/સલાહના મૂલ્યાંકનથી લઈને, બાળકોને ઇસ્લામિક પુસ્તકો વાંચવા અને દરરોજ કુરઆનની તિલાવત થી લઈને મનોરંજક રમતના સત્રો અને શેરિંગ અને ઇમામ એ ઝમાના (atfs) પ્રત્યેની અમારી જવાબદારી અંગેના પ્રેરણાદાયી પ્રવચનો - બધું જ સંપૂર્ણ રીતે આયોજન કરવામાં આવ્યું હતું.
તેમને ભોજન પીરસતા, જમાત નમાઝ પઢતા અને નમાઝ એ શબ પણ પડતા જોવું ખૂબ જ દિલચસ્પ હતું.
અમારા બાળકો માટે આને યાદગાર સફર બનાવવા બદલ આપ સૌને અભિનંદન.
અલ્લાહ (swt) તમને અજર આપે અને માસૂમીન (અ.સ.)ના સદકામાં તમને ખુશી આપે. આમીન.

સલામ! આ કેમ્પમાં મારી પુત્રીનું બીજું વર્ષ હતું, અને અલહમદુલિલ્લાહ, અમે તેનાથી ખૂબ જ ખુશ છીએ. તેણીએ માજા કરી, ઘણું શીખ્યું અને કેટલાક નવા મિત્રો બનાવ્યા. તમામ મેન્ટોર્સને તેમના અદ્ભુત કાળજી અને સંભાળ માટે ખૂબ જ અભિનંદન.
તે માત્ર એક જ વાર છે જ્યારે તેણી પરિવારથી દૂર છે, પરંતુ કેમ્પ દરેક વસ્તુને - સલામતી, આરામ, તે બહેનપણાની ભાવનાને કેટલી સારી રીતે હેન્ડલ કરે છે તેના કારણે અમે સંપૂર્ણપણે આરામ અનુભવતા હતા... તે ખરેખર ઘરથી દૂર કુટુંબ જેવું લાગ્યું.
આ કેમ્પ કરાવનાર દરેકનો આભાર!

સલામ! કેમ્પની સૌથી સારી બાબત અને વિશેષતા એ છે કે તેનું આયોજન અમારા કોમના સભ્યો દ્વારા અમારા કોમના બાળકો માટે તમામ પાસાઓને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યું છે.
ડીન + દુનિયા + ફન + બોન્ડિંગ + ગ્રોથ વિશે શીખવું!
ઘણી બધી દુઆઓ.

આ પહેલની સતત સફળતા એ આયોજકો, મેન્ટોર્સ, સ્વયંસેવકો અને સમર્થકોના સમર્પણનો મદદ છે જેમણે તેને શક્ય બનાવ્યું.

અમે આ પ્રભાવશાળી કાર્યક્રમને વધારવા, અમારા યુવાનોના વિકાસને પોષવા અને મજબૂત અને સંયુક્ત કોમને પ્રોત્સાહન આપવા માટે પ્રતિબદ્ધ છીએ. અમે તેની સફળતામાં યોગદાન આપનાર તમામનો આભાર માનીએ છીએ અને ભવિષ્યના કેમ્પની રાહ જોઈ રહ્યા છીએ જે અમારા યુવા સહભાગીઓને પ્રેરણા અને ઉત્થાન આપતા રહે છે, ઈન્શાઅલ્લાહ.